પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર

ફોન નં– ૦૭૯–૨૫૬૨૦૦૫૩, email: lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંક : જ/૬૫૬/નવરાત્રિ જાહેરનામું/૬૫૮૫/૨૦૨૬. તા.૦૫/૧૦/૨૦૨૬

જા હે ર ના મું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં વર્ષ–૨૦૨૬ ના નવરાત્રિના તહેવાર દરમ્યાન, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ (BNSS) ની કલમ–૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ – ૧૯૫૧ની કલમ–૩૩(એન), ૩૬(ઈ), (એ) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રુએ હું અનુપમસિંહ ગહલૌત, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં **તા.૧૧/૧૦/૨૦૨૬ થી તા:૧૯/૧૦/૨૦૨૬ સુધી નવરાત્રિના ૦૯ દિવસ તથા તા.૨૦/૧૦/૨૦૨૬ દશેરાના ૦૧ દિવસ દરમ્યાન રાત્રિના કલાક: ૧૦:૦૦ થી કલાક ૧૨:૦૦ વાગ્યા સુધી રાસ–ગરબા–દાંડીયા કે નવરાત્રી ઉજવણી અંગેના અન્ય કોઈપણ કાર્યક્રમમાં માઈક સિસ્ટમ/લાઉડ સ્પીકર/પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે.** રાત્રિના કલાક: ૧૨:૦૦ પછી માઈક સિસ્ટમ/લાઉડ સ્પીકર/પબ્લિક એડ્રેસ સિસ્ટમ ચાલુ રાખી શકાશે નહીં. માઈક સિસ્ટમ/લાઉડ સ્પીકર/પબ્લીક એડ્રેસ સિસ્ટમ ઉપયોગ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંન્ટ્રોલ) રુલ્સ–૨૦૦૦ ની કલમ– ૫(૨)(૩) ની જોગવાઈઓને આધિન તથા ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા:૦૬/૦૭/૨૦૨૬ ના નોટીફિકેશન ક્રમાંક: GVN/2026/07/FED/IRT/e-file/6/2024/0234/Tech Cell ની જોગવાઈ મુજબ રાત્રિના ૧૨:૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. Silence area/Zone જેવા કે હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ અને અદાલતોની આસપાસ માઈક સિસ્ટમ /લાઉડ સ્પીકર/પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં.

અમલવારીનો સમય

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૧/૧૦/૨૦૨૬ ના ક.૦૦:૦૦ થી તા.૨૦/૧૦/૨૦૨૬ ના ક.૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરના કાર્યક્ષેત્ર હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમ અન્વયે, અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ ,૧૩૪ ,૧૩૫ , ૧૩૬ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞાપન

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરનામાંથી નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર, વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન ઉપરથી બહોળી પ્રસિદ્ધિ કરાવવી.પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિદ્ધ કરવાની રહેશે તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડીને પ્રસિદ્ધ કરવામાં આવશે.

આજે વર્ષ – ૨૦૨૬ ના ઓક્ટોબર માસની તારીખ 04/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તારીખ.04/૧૦/૨૦૨૬
સ્થળ: અમદાવાદ

COMMISSIONER OF POLICE * A'BAD CITY *

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

૧. મેનેજરશ્રી સરકારી પ્રેસ અને સ્ટેશનરી વિભાગ, વડોદરા.
૨. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા, પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રિજ, અમદાવાદ
૫. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ (૫ નકલ)
૬. રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ ભવન, અમદાવાદ (૫ નકલ)
૭. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ (૨૫ નકલ)
૮. મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર
૯. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સિવિલ અને મેટ્રોપોલીટનની કોર્ટ, અમદાવાદ શહેર
૧૦. સિનિયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
૧૧. માહીતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર (૨ નકલ)

નકલ રવાના :

૧ સંયુક્ત પો.કમિ.શ્રી, ક્રાઇમ તથા સેક્ટર–૧, અમદાવાદ શહેર
૨. અધિક પો.કમિ.શ્રી, સેક્ટર–૨ તથા વિશેષ શાખા, અમદાવાદ શહેર
૩. નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન–૧ થી ૭, અમદાવાદ શહેર
૪.તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક,અમદાવાદ શહેર.
૫. મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એ થી એસ ડીવીઝન, અમદાવાદ શહેર
૬. જન સંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર
૭. તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર
૨. જાણ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે તથા જાહેરનામાનો અમલ થાય તેની તકેદારી રાખવા સારુ.
૮. મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક (વહીવટ) શાખા, અમદાવાદ શહેર (૮ નકલ)
૨. ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારુ.